# યુદ્ધ ચાલુ રહેવાની ચિંતા વચ્ચે ક્રૂડ ઑઈલના ભાવમાં ફરી વધારા છતાં એશિયન બજારોમાં સાધારણ સુધારો!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલું ઇરાન યુદ્ધ લાંબો સમય ચાલુ રહેવાની ચિંતા ફરી સપાટી પર આવવાને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો ચાલુ રહ્યો હતો, પરંતુ જેમાં કામકાજ ચાલુ રહ્યું હતું એવા એશિયન બજારોમાં સાવચેતીભર્યા માનસ વચ્ચે સાધારણ સુધારો જોવા મળ્યો હતો, જ્યારે બાકીના બજારોગુડ ફ્રાઇડેની રજાને કારણે બંધ રહ્યા હતા.

યુરોપમાં, ગુડ ફ્રાઈડે રજા નિમિત્તે ફ્રાન્સ, જર્મની અને બ્રિટનમાં ટ્રેડિંગ બંધ રહ્યું હતું. અમેરિકન બજારોમાં ટ્રેડિંગ પણ બંધ રહ્યું હતું, પરંતુ એસએન્ડપી ૫૦૦ ફ્યુચર્સમાં ટ્રેડિંગ ચાલુ હતું અને તે લગભગ ૦.૩ ટકા ઘટીને ૬,૬૦૪.૫૦ની સપાટી પર ટ્રેડિંગ કરી રહ્યા હતા. જ્યારે ડાઉ ફ્યુચર્સ ૦.૩ ટકા ઘટીને ૪૬,૬૧૫.૦૦ના સ્તરની આસપાસ અથડાઇ રહ્યો હતો.

યુદ્ધ અટકવાની કોઈ સંભાવના ના જણાતી હોવાથી ક્રૂડ ઓઇલના ભાવમાં ફરી વધારો થવા લાગ્યો છે. બેન્ચમાર્ક યુ.એસ. ક્રૂડ ૧૧.૪ ટકા વધીને ૧૧૧.૫૪ પ્રતિ બેરલ બોલાયું હતું, જ્યારે આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૭.૮ ટકા વધીને ૧૦૯.૦૩ પ્રતિ બેરલ બોલાયો હતો.

ફિચ સોલ્યુશન્સના એકમ બીએમઆઇના અહેવાલમાં જણાવાયું હતું કે, વધુ લાંબા સંઘર્ષથી ભૌતિક માળખાગત સુવિધાઓ માટે ખતરો ઉભો થાય છે, હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા વિક્ષેપો વધે છે અને યુદ્ધ પછીના રિકવરી માટેના સમયગાળામાં વધારો થશે, જેના કારણે ક્રૂડના ભાવમાં અસર વર્ષના અંતમાં પણ જોવા મળશે. અમેરિકા તેની આવશ્યકતાના માત્ર થોડા પ્રમાણ માટે પર્સિયન ગલ્ફના ઓઇલની આયાત પર આધાર રાખે છે, પરંતુ ઓઇલ એક કોમોડિટી છે અને તેની કિંમતો આંતરરાષ્ટ્રીય બજારમાં માગ અને પુરવઠાને આધારે નક્કી થાય છે.

એશિયામાં પરિસ્થિતિ ખૂબ જ અલગ છે. ઉદાહરણ તરીકે, જાપાનને રાષ્ટ્રની મોટાભાગની તેલ આયાત માટે હોર્મુઝ સ્ટ્રેટ સુધી પહોંચની જરૂર છે અથવા તેને વૈકલ્પિક માર્ગોની જરૂર પડશે. પરંતુ કેટલાક વિશ્લેષકો કહે છે કે જાપાન અને અન્ય રાષ્ટ્રો ઇંધણને સ્ટ્રેટ દ્વારા પરિવહન કરવાની મંજૂરી આપવા માટે ઇરાન સાથેના કરારની ગણતરી કરી રહ્યા છે.

જાપાનનો બેન્ચમાર્ક નિક્કી ૨૨૫ ૧.૩ ટકા વધીને ૫૩,૧૨૩.૪૯ પર બંધ થયો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ૨.૭ ટકા વધીને ૫,૩૭૭.૩૦ પર બંધ થયો. શાંઘાઈ કમ્પોઝિટ ૧.૦ ટકા ઘટીને ૩,૮૮૦.૧૦ પર બંધ થયો. ગુડ ફ્રાઈડે રજા માટે હોંગકોંગ, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ફિલિપાઇન્સ, ઇન્ડોનેશિયા અને ભારતમાં ટ્રેડિંગ બંધ રહ્યું હતો. કરન્સી માર્કેટમાં, યુએસ ડોલર ૧૫૯.૫૩ યેનથી વધીને ૧૫૯.૬૩ જાપાનીઝ યેન સુધી પહોંચ્યો હતો. જ્યારે યુરોની કિંમત ૧.૧૫૩૭ સામે વધીને ૧.૧૫૪૨ બોલાઇ હતી. બુધવારે મોડી રાત્રે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, મધ્ય પૂર્વમાં સંઘર્ષનો અંત લાવવા માટે સ્પષ્ટ સમયપત્રક આપવામાં નિષ્ફળ ગયા છે, પરંતુ યુએસ ઈરાનના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો કરવાનું ચાલુ રાખશે. આ પછીના અહેવાલ અનુસાર અમેરિકાએ ઇરાનનો મહત્ત્વનો બ્રિજ તોડી પાડ્યો હોવાના વિડિઓ જાહેર કર્યા હતા. જ્યારે ઇરાને અમેરિકાના બે જે-૩૫ વિમાનો તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો છે.

ભારતીય બજારો પણ ગુડ ફ્રાઇડે નિમિત્તે બંધ રહ્યા હતા. ઈરાન પર અત્યંત ભયાનક પ્રહાર કરવાની ટ્રમ્પની નવી ધમકીને પગલે અગાઉના સત્રમાં જાગેલો આશાવાદ ઝડપથી ભૂંસાઇ ગયો હોવાથી એશિયન બજારોમાં વ્યાપક ધોવાણ સાથે ભારતીય શેરબજાર પણ ગુરુવારે મોટા કડાકા સાથે ખૂલ્યા હતા અને ૧૬૦૦ પોઇન્ટ નીચી સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, વેલ્યુ બાઇંગ અને રૂપિયાની મજબૂતી સહિતના પરિબળો માર્કેટને ફરી પોઝિટીવ ઝોનમાં દોરી ગયા હતા.

રિઝર્વ બેન્કે ખાસ કરીને કરન્સી માર્કેટમાં સટ્ટાખોરી બંધ કરવા માટે લીધેલા પગલાં બાદ બાદ રૂપિયો ૧૫૨ પૈસાની મજબૂતી સાથે




૯૩.૧૮ જેવો બોલાયો હતો. ક્રૂડ ઓઇલના ભાવમાં પણ ઝડપી ઘટાડો થયો હતો. સેન્સેક્સ સત્રની ૨૦૦૦ પોઇન્ટ નીચી સપાટીથી પાછો ફરીને અંતે ૧૮૫ પોઇન્ટના સુધારા સાથે સ્થિર થયો હતો.

જોકે, હવે ચિત્ર ફરી બદલાયું છે. અખાતી દેશ અને અમેરિકાના પરસ્પર હુમલા હજુ ચાલુ છે અને ક્રૂડ ઓઇલના ભાવ ફરી વધી રહ્યા છે, તે જોતાં શેરબજારમાં અસ્થિરતા ચાલુ રહેવાની ધારણાં છે. ઈરાન યુદ્ધ શરૂ થયા પછીના તેમના પ્રથમ રાષ્ટ્રીય સંબોધનમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે યુએસ ઈરાનને ખૂબ જ સખત પ્રહાર કરવાનું ચાલુ રાખશે. ટ્રમ્પે બુધવારે રાત્રિના ભાષણમાં જણાવ્યું હતું કે મુખ્ય વ્યૂહાત્મક ઉદ્દેશ્યો પૂર્ણ થવાના આરે છે અને લશ્કરી કાર્યવાહી ટૂંક સમયમાં પૂર્ણ થઈ શકે છે તે જોતાં યુનાઇટેડ સ્ટેટ્સ ઈરાનમાં પોતાનું કામ પૂરું કરશે.

પ્રાઇમરી માર્કેટમાં ગુરુવારે પાવરિકા લિમિટેડના શેર તેના ઇશ્યૂ ભાવથી સાત ટકા નીચા ભાવે લિસ્ટેડ થયા હતા. અમીરચંદ જગદીશ કુમાર એક્સપોર્ટના શેર તેના ઇશ્યૂ ભાવ સામે આઠ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. સાઇ પેરેન્ટરલ્સના શેરમાં ત્રણ ટકા પ્રીમિયમ જોવા મળ્યું હતું. રેન્ટોમોજો લિમિટેડ, ઇન્ટેલિયસ રીકોડ લિમિટેડ, કોસ્મિક પીવી પાવર, ગુજરાત વિક્ટરી ફોર્જિંગ્સ લિમિટેડે, કોરફોર એન્જિનિયર્સે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

કર્ણાટક બેન્કે ચોથા ક્વાર્ટરમાં ડિપોઝિટમાં ચાર ટકા વધારો દર્શાવ્યો હોવા છતાં તેના શેરમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. કોચીન શિપયાર્ડ, બીડીએલ, જીઆરએસઇ સહિતના ડિફેન્સ શેરોમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. મારુત સુઝુકીએ નાણાકીય વર્ષ ૨૦૩૧ સુધીમાં સર્વિસ ટચપોઇન્ટની સંખ્યા ૮૦૦૦ સુધી પહોંચાડવાનો લક્ષ્ય રાખ્યો છે. આરબીઆઇએ અનિરાત એનબીડી બેન્કને આરબીએલ બેન્કનો ૭૪ ટકા હિસ્સો હસ્તગત કરવા મંજૂરી આપી દીધી છે.

એપેલેટ ટ્રિબ્યુનલ નેશનલ કંપની લૉ એપેલેટ ટ્રીબ્યુનલ (એનસીએલએટી)એ કહ્યું છે કે ડીએમઆરસી તેના એક સ્ટેશન પર મલ્ટી-લેવલ પાર્કિંગ માટે પ્રતિભા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ સાથેના કન્સેશન કરારને રિવાઇવ કરવા માટે બંધાયેલું નથી. એ જ સાથે એનસીએલએટીએ ગુરગામમાં રાહેજા શિલાસ પ્રોજેક્ટ સામે ઇન્સોલવન્સી પ્રોસેસ ચાલુ રાખવાની પણ જાહેરાત કરી છે.

ગુરુવારના સત્ર દરમિયાન ખાસ કરીને ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને રિયલ્ટી શેર્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ, કંઝ્યુમર ડ્યુરેબલ્સ અને હોસ્પિટલ્સ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા. માર્કેટ કેપમાં રૂ.૩૬૦૦૦ કરોડનો વધારો નોંધાયો હતો. સેન્સેક્સની ૩૦ સ્ક્રિપ્સમાંથી ૧૯ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૧ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૦.૨૪ ટકા ઘટ્યો હતો અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦.૦૫ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૦ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૩૮ ટકા વધ્યો હતો.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સ બુધવારના ૭૧,૯૪૭.૫૫ના બંધથી ૧૮૫.૨૩ પોઈન્ટ્સ અથવા ૦.૨૫ ટકા વધ્યો હતો. સેન્સેક્સ ૭૨,૨૬૨.૦૫ ખૂલી ઊંચામાં ૭૩,૫૬૮.૫૪ સુધી અને નીચામાં ૭૧,૫૪૫.૮૧ સુધી જઈ છેવટે ૭૩,૩૧૯.૫૫ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૨૨.૦૧ લાખ કરોડ સામે રૂ.૦.૩૬ લાખ કરોડ વધીને રૂ.૪૨૨.૩૭ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટર ઈન્ડેક્સમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૨.૭૬ ટકા, આઈટી ૨.૪૨ ટકા, રિયલ્ટી ૧.૧૯ ટકા, ટોપ ૧૦ બેન્ક્સ ૦.૪ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૩૬ ટકા, મેટલ ૦.૩૫ ટકા, એફએમસીજી ૦.૨૭ ટકા, અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૪ ટકા વધ્યા હતા, જ્યારે મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ક્વોલિટી ટિલ્ટ ૧.૧૫ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૮૭ ટકા, હોસ્પિટલ્સ ૦.૮૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૭૬ ટકા, હેલ્થકેર ૦.૭૫ ટકા, એનર્જી ૦.૬૮ ટકા, ઓટો ૦.૬૫ ટકા અને પીએસયુ બેન્ક ૦.૩૭ ટકા ઘટ્યા હતા. એક્સચેન્જમાં ૪,૩૮૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૨,૬૮૦ સ્ક્રિપ્સ વધી હતી, ૧,૫૪૭ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૬૦ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૫૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૧૫૭ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૭ સ્ક્રિપ્સને ઉપલી અને ૧૭ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧,૫૯૪.૫૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૩,૫૨૬ સોદામાં ૧૦,૮૩૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫૪,૭૩,૯૪૩ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૮,૭૨,૭૭,૭૧૨.૮૮ કરોડનું રહ્યું હતું.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે એચસીએલ ટેકનોલોજી ૩.૪૭ ટકા, ટેક મહિન્દ્ર ૨.૬૭ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૯૦ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૮૦ ટકા, એચડીએફસી બેન્ક ૧.૨૧ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૧૩ ટકા, મારુતિ ૦.૯૮ ટકા, ટાઈટન ૦.૮૩ ટકા અને એક્સિસ બેન્ક ૦.૬૫ ટકા અને બીઈએલ ૦.૬૪ ટકા વધ્યા હતા, જ્યારે એશિયન પેઈન્ટ ૨.૪૬ ટકા, ઈટર્નલ ૨.૧૩ ટકા, એનટીપીસી ૧.૩૩ ટકા, રિલાયન્સ ૧.૩૧ ટકા, પાવર ગ્રીડ ૧.૦૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૮૨ ટકા, અલ્ટ્રાટેક ૦.૮૧ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૭૪ ટકા, બજાજ ફિનસર્વ ૦.૪૩ ટકા અને ટાટા સ્ટીલ ૦.૩૩ ટકા ઘટ્યા હતા.

### પશ્ચિમ એશિયાની કટોકટી

## ઈન્ડક્શન હીટરનું ઉત્પાદન વધારવાના પગલાં અંગે સરકારની ચર્ચા

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાની કટોકટીને પગલે સ્થાનિક સ્તરે એલપીજી (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગૅસ)ની ઉપલબ્ધિની ચિંતા સપાટી પર આવતાં ઈન્ડક્શન હીટર અને તેને અનુરૂપ વાસણોના ઉત્પાદનમાં વધારો કરવા કંપનીઓને પ્રોત્સાહિત કરવા સરકારે એક ચર્ચાનું આયોજન કર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે તેલ અને કુદરતી ગૅસનું પરિવહન થતું હતું તે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ વિક્ષેપિત થતાં રાંધણ ગૅસના પુરવઠા પર માઠી અસર પડતાં લોકો ઈન્ડક્શન હીટર અને તેને અનુરૂપ વાસણોની ખરીદી તરફ ઘસારો વધ્યો છે.

આજે વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલના વડપણ હેઠળ પાવર સચિવ પંકજ અગરવાલ, ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) લવ અગરવાલ અને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી ઍન્ડ ઈન્ટરનલ ટ્રેડ(ડીપીઆઈઆઈટી)સચિવ અમરદીપ સિંઘ ભાટિયા સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઈન્ડક્શન હીટર અને તેને અનુરૂપ ઈન્ડક્શન કૂકર જેવાં વાસણોનાં ઉત્પાદનમાં કેવી રીતે વધારો કરી શકાય તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી કેમ કે આ ઉત્પાદનોના વેચાણમાં કૂદકે અને ભૂસકે વધારો થઈ રહ્યો છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ઉદ્યોગના ખેલાડીઓનાં જણાવ્યાનુસાર પશ્ચિમ એશિયામાં યુદ્ધ શરૂ થતાં રાંધણગૅસની ચિંતા સપાટી પર આવતા ઈન્ડક્શન કૂક ટોપ અને ઈલેક્ટ્રિક કિટલીનાં વેચાણમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે.

નોંધનીય બાબત એ છે કે પશ્ચિમ એશિયાની કટોકટીને ધ્યાનમાં લેતા અન્ય ક્ષેત્રો સાથે સપ્લાય ચેઈન જાળવી રાખવા અને ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ અને ટેક્સ્ટાઈલ જેવાં ક્ષેત્રોને રાહત માટે સરકારે ગત ગુરુવારે મહત્ત્વના પેટ્રોકેમિકલ ઉત્પાદનોને આગામી ત્રણ મહિના સુધી અથવા તો આગામી ૩૦મી જૂન સુધી કસ્ટમ ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવી હતી.

સરકારના આ પગલાંથી પેટ્રોકેમિકલ ફિડસ્ટોક અને પ્લાસ્ટિક પેકેજિંગ, ટેક્સ્ટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, ઑટોમેટિવ કમ્પોનન્ટ્સ, અને અન્ય મેન્યુફેક્ચરિંગ સેગ્મેન્ટ્સ પર નિર્ભર ક્ષેત્રોને ડ્યૂટી છૂટનો લાભ મળશે. જોકે, તેને કારણે સરકારી તિજોરી પર રૂ. ૧૮૦૦ કરોડનું ભારણ વધશે. ભારત ક્રૂડતેલ અને ખાતરનો મુખ્ય આયાતકાર દેશ છે અને પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે શિપિંગ માર્ગ વિક્ષેપિત થતાં ખાતર, ક્રૂડતેલ અને કુદરતી ગૅસની આયાત પર માઠી અસર થઈ છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ૨૮મી ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર લશ્કરી કાર્યવાહી કરતાં ઈરાને પણ વળતા હુમલાઓ કર્યા હતા અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ કરતાં સ્થાનિકમાં કુદરતી ગૅસના પુરવઠાની ચિંતા સપાટી પર આવી છે.

## નાણાકીય વર્ષ ૨૦૨૭માં પેસેન્જર વાહનોનો વેચાણ વૃદ્ધિદર સાધારણ ધીમો પડીને ૪થી ૬ ટકા રહેશેઃ ઈક્રા

નવી દિલ્હીઃ પેસેન્જર વાહનોના વેચાણમાં આગલા નાણાકીય વર્ષનો ઊંચો બેઝ અથવા તો પાયાકીય દર અને હાલની બૃહદ્ આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેતા વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં પેસેન્જર વાહનોનો વેચાણ વૃદ્ધિદર સાધારણ ધીમો પડીને છથી આઠ ટકા આસપાસ રહે તેવી શક્યતા અગ્રણી રેટિંગ એજન્સી ઈક્રાએ વ્યક્ત કરી છે.


ગત નાણાકીય વર્ષમાં તહેવારી મોસમની મજબૂત માગ, જીએસટીના દરમાં ઘટાડો અને વર્ષ દરમિયાન ઘણાં નવાં મૉડેલો બજારમાં મૂકવામાં આવ્યા હોવાથી પેસેન્જર વાહનોના હોલસેલ વેચાણમાં સાતથી નવ ટકા આસપાસની વૃદ્ધિ જોવા મળે તેવી શક્યતા હોવાનું ઈક્રાએ એક યાદીમાં જણાવ્યું હતું.

ઉદ્યોગમાં સતત માળખાકીય ફેરફારો જોવા મળી રહ્યા છે. વાહનોના કુલ વેચાણમાં યુટિલિટી વાહનો ૬૭ ટકા જેટલો બહોળો હિસ્સો ધરાવે છે જે સતત પ્રીમિયમાઈઝેશનનું વલણ દર્શાવે છે. વધુમાં સીએનજી અને ઈલેક્ટ્રિક વાહનો જેવાં વિકલ્પો હોવાથી માગ પણ વિકેન્દ્રિત થઈ રહી હોવાનું ઈક્રાએ ઉમેર્યું હતું.

એકંદરે પેસેન્જર વાહનોનો વેચાણ વૃદ્ધિદર ધીમો પડે તેવી શક્યતા હોવા છતાં ઓરિજનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (ઓઈએમ)નો નવાં ઉત્પાદનોના વિકાસ તથા ઈલેક્ટ્રિક વાહનોના પ્લેટફોર્મ પાછળનો મૂડીગત્ ખર્ચ જળવાયેલો રહેશે, જ્યારે ટ્રેક્ટર ઉત્પાદકોને સ્થિર ઈનપૂટ ખર્ચ અને ઓપરેટિંગ લિવરેજનો લાભ મળતો રહેશે, એમ યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે વૈશ્વિક સ્તરે ભૂરાજકીય સ્થિતિ અને વ્યાજદરમાં વધઘટની પેસેન્જર વાહનોના ઉદ્યોગ પર કેવી અસર રહેશે તેનાં પર નજર છે. વધુમાં ઈક્રાએ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ટ્રેક્ટર ઉદ્યોગનો વૃદ્ધિદર આગલા વર્ષના ઊંચા બેઝ અને માગ જળવાઈ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા એકથી ચાર ટકા આસપાસનો રહે તેવી ધારણા મૂકી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ૧૧ મહિનામાં ટ્રેક્ટર ઉદ્યોગે ખાસ કરીને ચોમાસું સારુ રહેતાંકૃષિ ઉત્પાદનમાં વધારો અને જીએસટીના દરમાં ઘટાડો થવાથી હોલસેલ ધોરણે વેચાણમાં ૨૨.૮ ટકાની આકર્ષક વૃદ્ધિ દાખવી છે. જોકે, ગત નાણાકીય વર્ષ ૨૦૨૬માં ટ્રેક્ટર ઉદ્યોગમાં વેચાણનું વૉલ્યુમ વિક્રમ સપાટી આસપાસ રહે તેવી શક્યતા ઈક્રાએ વ્યક્ત કરી છે.

જોકે, ભવિષ્યમાં ટ્રેક્ટરની માગનો આધાર ચોમાસા ઉપરાંત ગ્રામીણ સ્તરની આવકો પર અવલંબિત રહે છે, પરંતુ સામે અલ નિનોની અસરના જોખમો પણ રહેતા હોવાનું ઈક્રાએ યાદીમાં ઉમેર્યું હતું.

## ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સ્ટીલ, કોપર અને એલ્યુમિનિયમ પર ૫૦ ટકા નેશનલ સિક્યોરિટી ટૅરિફ લાદી હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, પરંતુ આજે લંડન મેટલ એક્સચેન્જ ગુડ ફ્રાઈડે નિમિત્તે બંધ રહ્યું હોવાથી વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી હતી. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૪૦નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. તેમ જ ટીનની આગેવાની હેઠળ કોપર, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં પણ સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ .૪૦ વધીને રૂ. ૪૮૫૦ અને રૂ. ૧૦ વધીને રૂ. ૨૮૦ના મથાળે રહ્યા હતા. વધુમાં ટીનની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૦૮૫, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૧૭૫ અને રૂ. ૧૧૬૮, કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૧૭૦, રૂ. ૧૨૩૪ અને રૂ. ૩૨૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર નિકલમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૬૩૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૧૫, રૂ. ૭૩૮, રૂ. ૩૫૫ અને રૂ. ૧૯૮ના મથાળે ટકેલાં રહ્યા હતા.

## મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ છતાં ખપપૂરતા કામકાજે ખાંડમાં ટકેલું વલણ


(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ના સુધારા સાથે રૂ. ૩૭૨૫થી ૩૭૬૫માં થયા હતા. જોકે, આજે ગુડ ફ્રાઈડેની જાહેર રજા હોવાથી બૅન્કો બંધ રહેવાની સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની માગ પણ પાંખી રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ પાંખી રહેતાં ઉપાડ લગભગ ૨૫થી ૨૬ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે મથકો પર ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવા છતાં કામકાજો નિરસ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૫થી ૩૭૬૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૮૦થી ૪૦૫૨માં ગુણવત્તાનુસાર ધોરણે ટકેલા રહ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ લેવાલી જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૫૦માં ટકેલા ધોરણે થયા હતા.



## મથકો પાછળ દેશી તેલમાં સુધારો, નિરસ માગે સોયા રિફાઈન્ડમાં નરમાઈ



મુંબઈઃ ગુજરાત તેમ જ રાજસ્થાનના મથકો પર આજે દેશી તેલમાં ખાસ કરીને કપાસિયા રિફાઈન્ડ તથા સરસવમાં દેશાવરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ દેશી તેલમાં સરસવ તથા કપાસિયા રિફાઈન્ડમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ અને રૂ. પાંચ વધી આવ્યા હતા. જોકે, આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૭ રિંગિટ વધી આવ્યા હતા. તેમ જ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં પણ ૧૮૩ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ છતાં આજે સ્થાનિકમાં ગુડ ફ્રાઈડેની જાહેર રજા અને બૅન્કો પણ બંધ રહી હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલમાં સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને અન્ય તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના મે ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૯૫ અને રૂ. ૧૫૫૦ અને સન રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૭૨૦, એડબ્લ્યુએલના એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૮૫ અને રૂ. ૧૭૫૦ તથા મે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૫૮૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૫૨૦ અને રૂ. ૧૭૩૦ના મથાળે રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૮૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૮૦માં અને રાજકોટ મથકે ૩૫૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૫૦૦થી ૧૫૭૦માં થયા હતા. તેમ જ આજે મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૨૭૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૭૫૦માં થયા હતા. વધુમાં આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦ સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, સિંગતેલના રૂ. ૧૭૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૮૫ અને સરસવના રૂ. ૧૫૫૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા.


(તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

રાજકોટ શહેરમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. કાળાડિબાંગ વાદળોથી આકાશ છવાઈ ગયું હતું અને શહેરના અનેક વિસ્તારોમાં ધીમીધારે વરસાદ શરૂ થયો હતો.વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી જતાં લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી હતી...

# કચ્છ-સૌરાષ્ટ્રના પ્રવાસીઓ માટે રાહતના સમાચારઃ બંધ કરી દેવામાં આવેલી ગાંધીધામ-ભાગલપુર ટ્રેન ફરી પાટા પર દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છથી ઉત્તર ભારત તરફ જતી ટ્રેનોની વર્તાઈ રહેલી અછત વચ્ચે મુસાફરો માટે મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. પૂરતો ટ્રાફિક હોવા છતાં માર્ચ મહિનાથી બંધ કરી દેવાયેલી ગાંધીધામ-ભાગલપુર (૦૯૪૫૧) ટ્રેનના ફેરા લંબાવવાનો રેલવે વિભાગ દ્વારા સત્તાવાર નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આ ટ્રેન મે મહિનાથી જૂન મહિનાના અંત સુધી કાર્યરત રહેશે, જેથી ઉનાળુ વેકેશન ગાળવા વતન જનારા હજારો પ્રવાસીઓને મોટી સુવિધા મળશે.

ઉલ્લેખનીય છે કે, બિહાર અને ઉત્તર ભારતને જોડતી આ મહત્ત્વની ટ્રેન બંધ થતા પ્રવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. આ ગંભીર પ્રશ્ને 'ઉત્તર ભારતીય કચ્છ સમાજ'ના પ્રતિનિધિ મંડળે સાંસદ વિનોદભાઈ ચાવડાની આગેવાનીમાં દિલ્હી ખાતે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરી હતી. રેલવે મંત્રીએ આ ટ્રેન પુનઃ શરૂ કરવા તેમજ અન્ય ટ્રેનો લંબાવવા અંગે આપેલી ખાતરી બાદ રેલવે તંત્ર હરકતમાં આવ્યું છે.

દરમ્યાન, રેલવેના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, દર શુક્રવારે ઉપડતી ગાંધીધામ-ભાગલપુર (૦૯૪૫૧) ટ્રેન આગામી ૧૮ મે થી ૨૬ જૂન સુધી કાર્યરત રહેશે જયારે દર સોમવારે ઉપડતી ભાગલપુર-ગાંધીધામ (૦૯૪૫૨) ટ્રેન ૧૮ મે થી ૨૯ જૂન સુધી દોડશે.

ગુજરાતથી ભાગલપુર જવા માટે હાલ માત્ર સુરત અને ગાંધીધામથી જ સીધી ટ્રેન સુવિધા ઉપલબ્ધ છે. ગાંધીધામ-ભાગલપુર ટ્રેન બંધ હોવાને કારણે રાજકોટ અને સુરતથી ઉત્તર ભારત જતી અન્ય ટ્રેનોમાં વેઇટિંગ લિસ્ટ ખૂબ લાંબું થઈ ગયું હતું. હવે આ ટ્રેન ફરી શરૂ થવાથી કચ્છ ઉપરાંત સૌરાષ્ટ્રના મુસાફરોનું ભારણ પણ ઘટશે અને પ્રતીક્ષા યાદીમાં રાહત મળશે. ■

# મુંદરાસ્થિત અદાણી એમ.પી.એલ.ના બે સ્ટોરમાંથી ₹ ૧૨.૫૦ લાખના કોપર વાયરની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મુંદરામાં ચોરીના બનાવોમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે, ત્યારે ટુંડા પાસે આવેલી અદાણી એમ.પી.એલ. કંપનીના બે અલગ-અલગ સ્ટોરમાંથી અજાણ્યા શખ્સો આશરે રૂ. ૧૨.૫૦ લાખની કિંમતના કોપર વાયરની ઉઠાંતરી કરી ગયા હોવાની ફરિયાદ મુંદરા પોલીસ મથકે નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ચોરીની પ્રથમ ઘટના અદાણી એમ.પી.એલ.ના પોકેટ-૧માં સ્થિત 'ગોદરેજ એન્ડ બોયસ મેન્યુફેકચરિંગ લિ.' કંપનીના સ્ટોર પાસે બની હતી. ગત તા. ૨૯ માર્ચની રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યો તસ્કર ખુલ્લી જગ્યામાં રાખેલ આશરે ૫૧૦ મીટર લાંબો કોપર વાયર ભરેલો ડ્રમ ચોરી ગયો હતો. આ વાયરની અંદાજિત કિંમત રૂ. ૨,૮૬,૭૭૩ હોવાનું જણાવાયું છે.

ચોરીનો બીજો બનાવ પોકેટ-૫માં આવેલી 'ઈસજેસ હેલી એન્જિનિયરિંગ લિ.' કંપનીના સ્ટોર પાસે બન્યો હતો. ગત તા. ૮ માર્ચથી ૧૩ માર્ચ વચ્ચેના સમયગાળા દરમિયાન તસ્કરોએ અહીં ત્રાટકીને અંદાજે ૫,૨૦૦ મીટર ફ્લેક્સિબલ કોપર વાયરની ચોરી કરી હતી, જેની કુલ કિંમત રૂ. ૯,૬૨,૮૪૦ આંકવામાં આવી છે.

બંને સ્ટોરમાંથી મળીને કુલ રૂ. ૧૨,૪૯,૬૧૩ની મતાની ચોરી થયા અંગેની સત્તાવાર ફરિયાદ મુંદરા પોલીસ મથકે નોંધાવાઈ છે. પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજ અને અન્ય ટેકનિકલ પુરાવાઓના આધારે વધુ તપાસ હાથ ધરી છે. ઔદ્યોગિક એકમની કહેવાતી હાઈ સિક્યોરિટી વચ્ચે થયેલી આ ચોરીએ અનેક સવાલો ઊભા કર્યા છે. ■

# વરસામેડીની સીમમાં જમીનમાંથી દારૂનું 'ભોંયરું' ઝડપાયુંઃ એલસીબીએ ૮.૬૪ લાખનો જથ્થો જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સ્થાનિક ગુન્હાશોધક શાખાની ટુકડીએ અંજાર તાલુકાના વરસામેડી સીમ વિસ્તારમાં એક વાડામાં દરોડો પાડી, જમીનમાં ખાડા ખોદીને છુપાવેલો રૂ. ૮.૬૪ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડીને ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તેમને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પૂર્વ કચ્છ એલસીબીને ખાનગી રાહે બાતમી મળી હતી કે, વરસામેડી સીમમાં આરટીઓ કચેરી નજીક આવેલા સર્વિસ રોડ પાસે એક વાડાની ઓરડીમાં ગેરકાયદેસર દારૂનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે ઘટનાસ્થળે ત્રાટકીને સઘન તલાશી લીધી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ઓરડીમાં કાંઈ વાંધાજનક જણાયું નહોતું, પરંતુ શંકાના આધારે જમીનનું નિરીક્ષણ કરતા ત્યાં ખોદકામ કરેલું હોવાનું જણાયું હતું. પોલીસે જમીનમાં ખોદકામ કરતા અંદરથી કોથળાઓમાં પેક કરેલી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૨૮૮ બોટલો મળી આવી હતી. બજાર કિંમત મુજબ આ જથ્થાની કુલ કિંમત રૂ. ૮,૬૪,૦૦૦ આંકવામાં આવી છે.

આ મામલે પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી ગુનામાં સંડોવાયેલા પ્રભુ છગન ડોડિયા, રમેશ છગન ડોડિયા અને યતીન પ્રભુ ડોડિયા (તમામ રહે. વરસામેડી) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. દરોડા દરમિયાન ત્રણેય આરોપીઓ હાજર મળી ન આવતા પોલીસે તેમને ફરાર જાહેર કરી ઝડપી પાડવા માટે તપાસ તેજ કરી છે. ઔદ્યોગિક વિસ્તારમાં જમીન નીચે દારૂ છુપાવવાના આ નવતર કીમિયાને નિષ્ફળ બનાવી પોલીસે બુટલેગરોમાં ફફડાટ ફેલાવી દીધો છે. ■

# ભચાઉમાં લગ્નના નામે લાખોની છેતરપિંડી કરતી 'લૂંટેરી દુલ્હન' વિરુદ્ધ ફોજદારી ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ભચાઉ તાલુકાના આમરડી ગામે રહેતા એક યુવાન સાથે લગ્ન કરી રોકડ રકમ અને દસ્તાવેજોમાં છેતરપિંડી કરનારી 'લૂંટેરી દુલ્હન' અને તેની સાગરીત મહિલા વિરુદ્ધ ભચાઉ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. અગાઉ પણ અન્ય એક યુવાન સાથે ખોટા નામે લગ્ન કરી લાખો રૂપિયા પડાવનાર આ ટોળકીએ ફરી એકવાર લગ્નનો સ્વાંગ રચી ઠગાઈ આચરી હોવાનું બહાર આવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, આમરડીમાં કરિયાણાની દુકાન ધરાવતા ભરતભાઈ પિંતાબરભાઈ લુહારે પોતાના પુત્ર મનીષ માટે કન્યાની શોધમાં હતા. આ દરમિયાન આરોપી સોનલ ઉર્ફે સોનિયા રમેશ પટેલ અને ગંગાબેન રમેશ પટેલ સાથે સંપર્ક થયો હતો. લગ્ન નક્કી કરવાના બદલામાં કન્યા પક્ષે રૂ. બે લાખની માગણી કરી હતી. સહમતી મુજબ, ફરિયાદીએ પ્રથમ કપડાં લેવા માટે રૂ. ૧૫ હજાર અને ત્યારબાદ લગ્ન સંપન્ન થયા બાદ બાકીના રૂ. ૧.૮૫ લાખ રોકડા ચૂકવી આપ્યા હતા.

લગ્ન બાદ ફરિયાદીના ધ્યાને આવ્યું હતું કે, પુત્ર સાથે લગ્ન કરનારી સોનલ ઉર્ફે સોનિયાએ અગાઉ ચોપડવા ગામના મહેશ મોહન પરમાર સાથે પણ લગ્ન કર્યા હતા. તે સમયે તેણે પોતાનું નામ 'નિશાબેન કરન કાલિયા' તરીકે ઓળખાવી ખોટા આધારકાર્ડ રજૂ કર્યા હતા અને તે યુવક પાસેથી પણ રૂ. ૨.૧૦ લાખ પડાવ્યા હતા. આ જ ટોળકીએ સમાન પદ્ધતિથી ખોટા દસ્તાવેજોને સાચા તરીકે રજૂ કરી, ગુનાહિત કાવતરું રચી ભરતભાઈના પુત્ર સાથે લગ્નનો ઢોંગ કરી નાણાકીય છેતરપિંડી આચરી હતી.

ભચાઉ પોલીસે ભરતભાઈ લુહારની ફરિયાદના આધારે સોનલ ઉર્ફે સોનિયા પટેલ અને ગંગાબેન પટેલ વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને ખોટા દસ્તાવેજો બનાવ્યા અંગેનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ટોળકીએ અન્ય કેટલા યુવાનોને જાળમાં સપડાવ્યા છે તે જાણવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ■

# અદાણી ગ્રીનનો રેકોર્ડઃ ખાવડામાં ૯.૪ ગિગાવોટ ક્ષમતા સ્થાપિત, એક વર્ષમાં ૫,૦૦૦ મેગાવોટથી વધુનો ઉમેરો

(અમારા પ્રતિનિધિ તરફથી)


(તસ્વીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

ભુજ: અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ એજીઇએલ એ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં એક નવો ઇતિહાસ રચ્યો છે. કંપનીએ માત્ર એક જ વર્ષમાં ૫,૦૫૧ મેગાવોટ એટલે કે, ૫ ગિગાવોટથી વધુ નવીનીકરણીય ઊર્જા ઉત્પાદન ક્ષમતા કાર્યરત કરી છે. આ સાથે જ કંપનીનો કુલ કાર્યરત પોર્ટફોલિયો ૧૯.૩ ગિગાવોટ પર પહોંચી ગયો છે. ચીન સિવાય વૈશ્વિક સ્તરે અન્ય કોઈ પણ કંપની દ્વારા કરવામાં આવેલું આ સૌથી મોટું ગ્રીનફિલ્ડ ક્ષમતા વિસ્તરણ છે.

આ કંપનીએ ઉમેરેલી આ નવી ક્ષમતામાં ૩,૪૦૯ મેગાવોટ સૌર ઊર્જા, ૬૮૬ મેગાવોટ પવન ઊર્જા અને ૯૫૬ મેગાવોટ પવન-સૌર હાઇબ્રિડ ક્ષમતાનો સમાવેશ થાય છે. આ વિસ્તરણને કારણે વાર્ષિક અંદાજે ૧૦ મિલિયન ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે કંપનીનો કુલ ૧૯.૩ ગિગાવોટનો પોર્ટફોલિયો દર વર્ષે અંદાજે ૩૬ મિલિયન ટન કાર્બન ઓફસેટ કરવામાં મદદરૂપ બનશે. કચ્છના ખાવડામાં નિર્માણ પામી રહેલા વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પ્લાન્ટમાં કંપનીએ નોંધપાત્ર પ્રગતિ કરી છે. ૨૦૨૯ સુધીમાં અહીં ૩૦ ગિગાવોટ ક્ષમતા સ્થાપવાનું લક્ષ્ય છે, જે પૈકી અદાણી ગ્રીને અત્યાર સુધીમાં ૯,૪૧૩ મેગાવોટ (૯.૪ ગિગાવોટ) ક્ષમતા કાર્યરત કરી દીધી છે. આ ઉપરાંત, કંપનીએ ખાવડા ખાતે જ ૧,૩૭૬ મેગાવોટ પ્રતિ કલાકની ક્ષમતા ધરાવતી 'બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ'ને પણ કાર્યરત કરી છે, જે વિશ્વની સૌથી મોટી સિંગલ-લોકેશન સ્ટોરેજ સુવિધાઓમાંની એક છે.આ કામગીરી સાઇટ પર કામ શરૂ થયાના માત્ર આઠ મહિનાના ટૂંકા ગાળામાં પૂર્ણ કરવામાં આવી છે. અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણીએ આ સિદ્ધિ અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, એક જ વર્ષમાં ૫ ગિગાવોટથી વધુ ક્ષમતાનો ઉમેરો એ ભારતના રિન્યુએબલ એનર્જી સેક્ટર માટે ગૌરવની ક્ષણ છે. આ સીમાચિહ્ન ભારતને ગ્લોબલ ક્લીન એનર્જી મેપ પર મજબૂત સ્થાન અપાવશે અને ૨૦૩૦ સુધીમાં ૫૦ ગિગાવોટ ઊર્જા ઉત્પાદન કરવાના અમારા લક્ષ્યને વધુ વેગ આપશે. ■

# કચ્છમાં ચૂંટણી જંગનો પ્રારંભઃ ભાજપની સેન્સ પ્રક્રિયાના પ્રથમ દિવસે દાવેદારોનો ભારે ધસારો, ૬૬૯ અરજીઓ આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવતાની સાથે જ કચ્છ જિલ્લામાં રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. ચૂંટણી જંગમાં ઉતરવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગીનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે, જેના પ્રથમ દિવસે જ વિવિધ બેઠકો માટે કુલ ૬૬૯ દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી છે.

ભાજપના મોવડી મંડળ દ્વારા નિયુક્ત કરાયેલા પ્રદેશ કક્ષાના નિરીક્ષકોની ઉપસ્થિતિમાં ગઈકાલે બે સ્થળોએ સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં અંજાર ખાતે હિરેનભાઈ હીરાપરા, જયસિંહભાઈ પરમાર અને શ્રદ્ધાબેન રાજપૂતે દાવેદારોને સાંભળ્યા હતા. જ્યારે ભુજ ખાતે બળવંતસિંહ રાજપૂત, સરદારભાઈ ચૌધરી અને વસુબેન ત્રિવેદીની ટુકડી દ્વારા સેન્સ લેવામાં આવી હતી.

કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્ત્વિકદાન ગઢવી દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ, પ્રથમ દિવસે જ કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અંજાર, રાપર અને ભચાઉ તાલુકા તેમજ જિલ્લા પંચાયતની બેઠકો માટે સેન્સ લેવાઈ હતી, જેમાં કુલ ૩૦૯ દાવેદારોએ પક્ષ સમક્ષ ઈચ્છા વ્યક્ત કરી છે. માંડવી નગરપાલિકા સહિત માંડવી, અબડાસા અને લખપત તાલુકા તથા જિલ્લા પંચાયતના દાવેદારો માટે યોજાયેલી પ્રક્રિયામાં કુલ ૩૬૦ અરજીઓ પ્રાપ્ત થઈ છે.

બે દિવસીય આ સેન્સ પ્રક્રિયાના પ્રથમ દિવસે મોડી સાંજ સુધી મળેલી વચગાળાની વિગતો મુજબ ૬૬૯ જેટલા દાવેદારો ટિકિટ માંગી છે. જોકે, બાકી રહેલા તાલુકાઓ અને નગરપાલિકાઓની પ્રક્રિયા શુક્રવારે પૂર્ણ થયા બાદ જ તમામ બેઠકો માટેના દાવેદારોનો કુલ આંકડો અને આખરી ચિત્ર સ્પષ્ટ થશે. જિલ્લામાં સત્તાધારી પક્ષમાં ટિકિટ મેળવવા માટે સંગઠનના જૂના જોગીઓથી લઈ યુવા ચહેરાઓમાં ભારે હોડ જોવા મળી રહી છે. ■

# ભાવનગરમાં ભર ઉનાળે માહોલ પલટાયોઃ સાંજના સમયે મેઘરાજાની એન્ટ્રી થતા માર્ગો પર પાણી ફરી વળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)


(તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગરઃ શહેરમાં ૩ એપ્રિલ શુક્રવારના રોજ ભર ઉનાળે વાતાવરણમાં ઓચિંતા પલટો આવતા કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો. શહેરમાં સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું, જે દરમિયાન સાંજે ૪:૩૦ કલાકે અચાનક ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. લગભગ ૨૦ મિનિટ સુધી વરસેલા વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાતા નગરજનોમાં પણ આશ્ચર્ય જોવા મળ્યું હતું.

હવામાનની વિગતો મુજબ, ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા જેટલું ઊંચું રહ્યું હતું અને ૧૬ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. સરકારી આંકડા મુજબ શહેરમાં કુલ ૨.૫ મીમી વરસાદ નોંધાયો છે. ઓચિંતા આવેલા આ વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી. ■

# યુનિયન બેન્કના લોગોવાળી એપીકે ફાઈલને વ્હોટ્સએપ મારફતે મોકલી, ગઠિયાઓએ ₹ ૯૯,૯૯૦ ઉસેડી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશભરમાં ઓનલાઈન છેતરપિંડીના કિસ્સાઓ દિન-પ્રતિદિન વધી રહ્યા છે, ત્યારે ભુજના માધાપર ગામનો એક યુવક સાયબર ઠગબાજોની જાળમાં ફસાયો હોવાની વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં વોટ્સએપ પર આવેલી એક શંકાસ્પદ એપીકે ફાઈલ ડાઉનલોડ કરવી ભારે પડી હતી, ઠગબાજોએ મોબાઈલ ફોનને હેક કરી, ગણતરીની મિનિટોમાં તેમના બેન્ક ખાતામાંથી કુલ રૂ. ૯૯,૯૯૦ની રકમ ઉસેડી લીધી હતી.

માધાપરના જૂનાવાસ વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ નગરમાં રહેતા ગિરીશભાઈ દેવજીભાઈ સોનેજીએ આ અંગે માધાપર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત તારીખ ૧૮ માર્ચના રોજ તેમના વોટ્સએપ પર એક અજાણી 'એપીકે' ફાઈલ આવી હતી. આ ફાઈલ પર યુનિયન બેન્કનો લોગો હોવાથી તેમને વિશ્વાસ બેઠો હતો કે આ બેન્ક તરફથી કોઈ સત્તાવાર ફાઈલ હશે.

જેવી ગિરીશભાઈએ આ ફાઈલ ડાઉનલોડ કરી, તે ઓપન થઈ ન હતી. જોકે, ફાઈલ ડાઉનલોડ થતાની સાથે જ ઠગબાજોએ તેમના મોબાઈલ ફોનને હેક કરીને એક્સેસ મેળવી લીધો હોય તેમ લાગતું હતું. ત્યારબાદ, એક-એક મિનિટના ટૂંકા ગાળામાં તેમના યુનિયન બેન્કના ખાતામાંથી કુલ છ ટ્રાન્જેક્શન થયા હતા. આ રીતે ઠગબાજોએ કુલ રૂ. ૯૯,૯૯૦ ઉપાડી લઈ છેતરપિંડી આચરી હતી.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ગિરીશભાઈએ તુરંત માધાપર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરના બગદાણાના ચકચારી કેસના પીડિત નવનીત બાલધિયા કોંગ્રેસમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના બગદાણાના ચકચારી મારામારી કેસ બાદ ચર્ચામાં આવેલા બગદાણાના પૂર્વ સરપંચ કોળી યુવાન નવનીત બાલધિયા વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ તેમને ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા.

માત્ર પક્ષમાં પ્રવેશ જ નહીં, પરંતુ નવનીત બાલધિયાએ આગામી સમયમાં ચૂંટણી લડવાની તૈયારી પણ દર્શાવી હતી. તેમણે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સમક્ષ પોતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હાલમાં તેમની વ્યક્તિગત કોઇ મહત્વકાંક્ષા નથી, પરંતુ જો તેમનો કોળી સમાજ અને પક્ષ આદેશ આપશે તો તેઓ ચૂંટણી લડવા માટે તૈયાર છે.

નવનીત બાલધિયાના જોડાવાથી સૌરાષ્ટ્રના પટ્ટામાં, ખાસ કરીને કોળી સમાજના મતદારોમાં કોંગ્રેસની પકડ મજબૂત બનશે તેમ મનાય છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ભાજપના અહંકાર સામે લડનારા દરેક વ્યક્તિનું કોંગ્રેસમાં સ્વાગત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા જ બગદાણા ધામના સેવક અને પૂર્વ સરપંચ નવનીત બાલધિયા પર જીવલેણ હુમલો થયો હતો. આ કેસમાં જાણીતા લોક સાહિત્યકાર માયાભાઈ આહિરના પુત્ર જયરાજ આહિર પર હુમલો કરવાનો આરોપ લાગ્યો હતો. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડતા સરકારે તપાસ માટે 'સીટ' ની રચના કરી હતી, જે બાદ જયરાજ આહિરની ધરપકડ પણ કરવામાં આવી હતી. આ પ્રકરણમાં કોળી સમાજના નેતા અને મંત્રી પરષોત્તમભાઈ સોલંકી, હીરાભાઈ સોલંકી સહિતના કોળી સમાજના, આગેવાનો ધારાસભ્યો, સાંસદ સભ્યો વિગેરે એ નવનીત બાલદીયા ના પ્રકરણ અંગે મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.

બગદાણાના કોળી યુવાન નવનીત બાલધીયા ભાજપમાં જોડાશે તેવી અટકળો હતી પરંતુ તેઓ આજે કોંગ્રેસના જોડાતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. ■

# જામનગરમાં ભાજપને ફટકો, પૂર્વ કોર્પોરેટર સહિત ૧૦૦થી વધુ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી ચૂંટણીઓ પૂર્વે ભાજપને મોટો ફટકો પડ્યો છે. શહેરના શહેરના વોર્ડ નંબર ૧૬ના પૂર્વ કોર્પોરેટર અને સ્થાનિક નેતા અતુલ ભંડેરી, જયેશ દોમડીયા અને રાજેશ વાઘેલા સહિત ૧૦૦થી વધુ કાર્યકરો અને સમર્થકો કોંગ્રેસ પક્ષની વિચારધારાથી પ્રેરિત થઈ કોંગ્રેસમાં જોડાયા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાના નેતૃત્વમાં આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, વિરોધ પક્ષના નેતા ધવલ નંદા અને પૂર્વ સાંસદ વિક્રમ માડમ સહિત જામનગર શહેર કોંગ્રેસની સંપૂર્ણ ટીમ ઉપસ્થિત રહી હતી.

મળતી વિગતો મુજબ, અતુલ ભંડેરી અગાઉ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા. જોકે, ભાજપમાં તેમના કાર્યોની અવગણના અને અધૂરા વચનોથી તેઓ નારાજ હતા. આગામી મહાનગરપાલિકા ચૂંટણી લડવાની તૈયારીઓ વચ્ચે તેમણે ફરી પોતાની જૂની પાર્ટીમાં પરત ફરવાનો નિર્ણય લીધો છે. કોંગ્રેસના સ્થાનિક અને પ્રદેશ સ્તરના આગેવાનો દ્વારા અતુલ ભંડેરીને કોંગ્રેસનો ખેસ પહેરાવી વિધિવત્ રીતે પક્ષમાં આવકારવામાં આવ્યા હતા. ■